સફેદ દાઢીવાળો ફોટો શું કોહલીની વન ડેમાંથી નિવૃત્તિનો સંકેત આપી રહ્યો છે

લંડન, તા. 08 : જ્યારે વિરાટ કોહલીએ ઇન્ડિયન પ્રીમિયર લીગ 2025 દરમિયાન ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી ત્યારે તેણે એક વાત કહી હતી. વિરાટે કહ્યું હતું કે જ્યારે તમારે દર ચાર દિવસે દાઢી રંગવાની હોય છે, ત્યારે તેનો અર્થ એ થાય કે આરામ કરવાનો સમય આવી ગયો છે. આ રમુજી શૈલીથી વિરાટ કોહલીએ તેની શાનદાર ટેસ્ટ કારકિર્દીનો અંત લાવ્યો હતો. હવે સોશિયલ મીડિયા પર વિરાટ કોહલીનો એક ફોટો વાયરલ થઈ રહ્યો છે. આ તસવીરમાં તે એક ફેન સાથે ફોટો પડાવી રહ્યો છે. આ તસવીરમાં વિરાટ કોહલીની દાઢી સફેદ થયેલી દેખાય છે. વધેલી સફેદ દાઢી અને વધતી ઉંમર જોઈને એવું કહેવામાં આવી રહ્યું છે કે શું વિરાટ કોહલી ટૂંક સમયમાં વનડેમાંથી નિવૃત્તિ લેશે.

ડેવોન કોનવેએ ટેસ્ટમાં 948 દિવસ પછી સદી ફટકારી

બુલાવાયો, તા. 08 : ઝિમ્બાબ્વે સામેની બીજી ટેસ્ટમાં ન્યુઝીલેન્ડના અનુભવી બેટ્સમેન ડેવોન કોનવેએ પોતાની જોરદાર બેટિંગથી ટેસ્ટ ફોર્મેટમાં 948 દિવસ પછી સદી ફટકારવામાં સફળ રહ્યો હતો. ઝિમ્બાબ્વે સામેની આ સદી પહેલા, કોનવેએ 2 જાન્યુઆરી 2023ના રોજ કરાચીમાં પાકિસ્તાન સામે 122 રન બનાવ્યા હતા. આ પછી તેણે હવે સદી ફટકારી છે. કોનવેએ ટેસ્ટ ક્રિકેટમાં પોતાની સદી જ નહીં પરંતુ 2000 રન પણ પૂર્ણ કર્યા હતા. ડેવોન કોનવે ન્યૂઝીલેન્ડ માટે ટેસ્ટમાં પોતાની 29મી મેચ રમી રહ્યો છે. તેણે ટેસ્ટ ફોર્મેટમાં કિવી ટીમ માટે પોતાની 5મી સદી ફટકારી. આ ઉપરાંત, કોનવેએ ટેસ્ટ ફોર્મેટમાં 12 અડધી સદી પણ ફટકારી છે.

ભારત સામેની સીરિઝ માટે ઓસ્ટ્રેલિયાની અંડર-૧૯ ટીમમાં ભારતીય મૂળના બે ખેલાડીનો સમાવેશ

ભારતીય અંડર-19 ટીમ સામે ઘરઆંગણે રમાનારી ત્રણ વન ડે અને બે ચાર દિવસીય મેચ માટે 15 સભ્યોની ટીમ જાહેર

ઓસ્ટ્રેલિયાના માજી કોચ ટિમ નિલ્સનને અંડર-19 ટીમની કોચિંગની જવાબદારી સોંપવામાં આવી

મેલબોર્ન, તા. 08 (પીટીઆઈ) : ઓસ્ટ્રેલિયાની આગામી મહિને ભારતની અંડર-19 ટીમ સામેની ઘરઆંગણે રમાનારી સીરિઝ માટેની 15 સભ્યોની ટીમમાં આજે શુક્રવારે ભારતીય મૂળના બે ક્રિકેટરો આર્યન શર્મા અને યશ દેશમુખને સામેલ કરવામાં આવ્યા છે.

શર્મા વિક્ટોરિયાનો બેટ્સમેન છે, જ્યારે ઓલરાઉન્ડર દેશમુખ ન્યૂ સાઉથ વેલ્સના પાંચ ખેલાડીઓમાં સામેલ છે જેમને ટીમમાં પસંદ કરવામાં આવ્યા છે. આ ટીમનું કોચિંગ ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ મુખ્ય કોચ ટિમ નીલ્સન કરશે. આ સીરિઝની શરૂઆત 21, 24 અને 26 સપ્ટેમ્બરે બ્રિસ્બેનના ઈયાન હીલી ઓવલ ખાતે રમાનારી ત્રણ વન ડે મેચથી થશે. ત્યારબાદ ૩૦ સપ્ટેમ્બરથી ૩ ઓક્ટોબર સુધી બ્રિસ્બેનમાં અને ૭ થી ૧૦ ઓક્ટોબર સુધી મેકેમાં બે ચાર દિવસીય મેચ રમાશે. અંડર-૧૯ ટીમના કોચ તરીકે નીલ્સનની આ પહેલી સીરિઝ હશે. તેમણે અગાઉ 2007થી 2011 સુધી ઓસ્ટ્રેલિયાની સિનિયર પુરુષ ટીમને કોચિંગ આપ્યું છે.

ઓસ્ટ્રેલિયાની મેન્સ અંડર-19 ટીમ

સિમોન બજ, એલેક્સ ટર્નર, સ્ટીવ હોગન, વિલ માલાજચુક, યશ દેશમુખ, ટોમ હોગન, આર્યન શર્મા, જોન જેમ્સ, હેડન શિલર, ચાર્લ્સ લેચમંડ, બેન ગોર્ડન, વિલ બાયરમ, કેસી બાર્ટન, એલેક્સ લી યંગ, જેડન ડ્રેપર.

રિઝર્વ ખેલાડીઓ : જેડ હોલિક, ટોમ પેડિંગ્ટન, જુલિયન ઓસ્બોર્ન.

ઈંગ્લેન્ડમાં બળાત્કાર કેસમાં પાકિસ્તાનના યુવા બેટ્સમેન હૈદર અલીની ધરપકડ

ઈંગ્લેન્ડમાં બળાત્કાર મામલે ધરપકડને પગલે પીસીબીએ હૈદર અલીને તપાસ પૂર્ણ થાય ત્યાં સુધી સસ્પેન્ડ કર્યો

ઈંગ્લેન્ડ પ્રવાસે ગયેલી પાકિસ્તાનની એ ટીમમાં સામેલ હૈદર અલીએ ધરપકડ બાદ જામીન પર મુક્ત કરાયો

બળાત્કારની આ ઘટના બુધવાર 23 જુલાઈ 2025ના રોજ માન્ચેસ્ટરના એક પરિસરમાં બની હતી



માન્ચેસ્ટર : પાકિસ્તાન ક્રિકેટમાં એક નવો વિવાદ ઉભો થયો છે. તેના યુવા બેટ્સમેન હૈદર અલીની ઈંગ્લેન્ડમાં એક બળાત્કાર કેસમાં ધરપકડ કરવામાં આવી છે. પાકિસ્તાન શાહીન ટીમના યુકે પ્રવાસ દરમિયાન તેણે બળાત્કાર કર્યાનો તેના પર આરોપ છે. 24 વર્ષીય હૈદર અલી પાકિસ્તાનની એ ટીમનો ભાગ છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) એ તેને તપાસ પૂર્ણ થાય ત્યાં સુધી અસ્થાયી રૂપે સસ્પેન્ડ કરી દીધો છે. પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે. હૈદર અલી પહેલા પણ વિવાદોમાં રહ્યો છે. આ ઘટનાએ 2010ના સ્પોટ ફિક્સિંગ કૌભાંડની યાદ અપાવી દીધી છે.

ગ્રેટર માન્ચેસ્ટર પોલીસે સોમવારે બળાત્કારનો રિપોર્ટ મળ્યાની પુષ્ટિ કરી. પોલીસે કહ્યું હતું કે અમે 24 વર્ષીય એક યુવકની ધરપકડ કરી છે. એવો આરોપ છે કે આ ઘટના બુધવાર 23 જુલાઈ 2025 ના રોજ માન્ચેસ્ટરના એક પરિસરમાં બની હતી. વધુ પૂછપરછ માટે તે વ્યક્તિને જામીન પર મુક્ત કરવામાં આવ્યો છે. બ્રિટનમાં પોલીસ સામાન્ય રીતે તપાસના આ તબક્કે શંકાસ્પદોના નામ આપતી નથી. પાકિસ્તાનની ટીમનો 15 દિવસનો પ્રવાસ 22 જુલાઈથી શરૂ થયો હતો.

પીસીબીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે તપાસના પરિણામો આવે ત્યાં સુધી અલીને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. પીસીબી યુનાઈટેડ કિંગડમની કાનૂની પ્રક્રિયાનું સંપૂર્ણ સન્માન કરે છે અને તપાસને તેના માર્ગે જવા દેવાના મહત્વને સ્વીકારે છે. પીસીબીએ કહ્યું કે અલીને યોગ્ય કાનૂની સહાય પૂરી પાડવામાં આવી હતી.

ઈંગ્લેન્ડમાં બળાત્કારના આરોપમાં આજીવન કેદની સજા છે?

ઈંગ્લેન્ડમાં બળાત્કાર માટે કઠોર સજાની જોગવાઈ છે. આમાં, આરોપીને મહત્તમ આજીવન કેદની સજા આપવામાં આવે છે. જો કે, આ દરમિયાન, ગુનાની ગંભીરતાને પણ ધ્યાનમાં લેવામાં આવે છે. જો કોઈ વ્યક્તિએ કોઈને ક્રૂરતાથી નુકસાન પહોંચાડ્યું હોય, જેમાં બળાત્કારના કેસોનો સમાવેશ થાય છે, તો તેને આજીવન કેદની સજા થવાની ખાતરી છે. આ જ કારણ છે કે જામીન મળવા છતાં હૈદર અલીની મુશ્કેલીઓ ઓછી થઈ નથી.

CSKથી અલગ થવાની અટકળો વચ્ચે અશ્વિને ફ્રેન્ચાઈઝી સાથે ભાવિ અંગે ચર્ચા શરૂ કરી

ખેલાડીઓને રિટેન કરવાની કટ-ઓફ તારીખ જાહેર થઇ નથી પણ છતાં ટ્રેડ સંબંધિત અહેવાલો આવવા માંડ્યા

અશ્વિન સીએસકે છોડવા માગે છે, જ્યારે સીએસકે રાજસ્થાન રોયલ્સ છોડવા માગતા સેમસનને લેવા માગે છે

ચેન્નાઈ, તા. 08 (પીટીઆઈ) : સીનિયર ઓફ સ્પિનર રવિચંદ્રન અશ્વિને ચેન્નાઈ સુપર કિંગ્સથી અલગ થવાની અટકળોની વચ્ચે હવે ફ્રેન્ચાઈઝી સાથે પોતાના ભવિષ્યની ચર્ચા શરૂ કરી છે. ખેલાડીઓને રિટેન કરવાની અંતિમ તારીખમાં હજુ બે મહિના બાકી છે અને અશ્વિન તેની ભૂમિકા અંગે સીએસકેના ટોચના અધિકારીઓ સાથે વાતચીત કરી રહ્યો હોવાનું માનવામાં આવે છે.

આઈપીએલના એક સૂત્રએ જણાવ્યું હતું કે કોઈપણ ખેલાડીના ભવિષ્ય વિશે વાત કરવી હજુ વહેલું ગણાશે. રિટેન કરવાની કટ-ઓફ તારીખ હજુ જાહેર કરવામાં આવી નથી, તેથી અમારી પાસે સમય છે. તેણે કહ્યું હતું કે ખેલાડીઓ સાથે વાત કરવાની યોજના હરાજી પહેલા બનાવવામાં આવી હતી અને અશ્વિન, એક સિનિયર ખેલાડી હોવાથી, તેનો એક ભાગ છે. આગામી આઈપીએલ સીઝન પહેલા ટીમમાં ભૂમિકાને સમજવા માટે આ પરસ્પર વાતચીત જ છે.

ગયા વર્ષે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેનારા 28 વર્ષીય અશ્વિનને 2025ની મેગા હરાજીમાં ચેન્નાઈએ 9.75 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. ચેન્નાઈનો રહેવાસી અશ્વિન 2009થી 2015 સુધી આ જ ટીમનો ભાગ હતો. આ વર્ષે આઈપીએલમાં તેણે નવ મેચ રમીને માત્ર સાત વિકેટ લીધી હતી. ચાર જીત અને 10 હાર બાદ ચેન્નાઈ છેલ્લા (દસમા) સ્થાને રહ્યું હતું. એવી અટકળો છે કે ચેન્નઈ રાજસ્થાન રોયલ્સ છોડવા માંગતા વિકેટકીપર-બેટ્સમેન સંજુ સેમસનને પસંદ કરી શકે છે.

કેનેડિયન તરૂણી એમ્બોકોએ ઓસાકાને હરાવી પોતાનું પહેલું WTA ટૂર ટાઇટલ જીત્યું

વાઇલ્ડ કાર્ડ હોલ્ડર તરીકે WTA 1000 ટાઇટલ જીતનારી મારિયા શારાપોવા, અને બિઆન્કા એન્ડ્રેસ્કુ પછી એમ્બોકો ત્રીજી ખેલાડી

ઓપન એરાના ઇતિહાસમાં એક જ WTA ચેમ્પિયનશિપમાં ત્રણ ગ્રાન્ડસ્લેમ વિજેતાઓને હરાવનારી એમ્બોકો પહેલી કેનેડિયન

મોન્ટ્રીયલ, તા. 08 : નેશનલ બેંક ઓપન ટેનિસ ટૂર્નામેન્ટમાં કેનેડિયન તરૂણી વિક્ટોરિયા એમ્બોકોએ પોતાની ડ્રીમ રન ચાલુ રાખીને અહીં રમાયેલી ત્રણ સેટની ફાઇનલમાં ચાર વારની ગ્રાન્ડસ્લેમ ચેમ્પિયન નાઓમી ઓસાકાને હરાવીને પોતાનું પહેલું ડબલ્યુટીએ ટૂર ટાઇટલ જીત્યું હતું. આ સાથે તે ઓપન એરાના ઇતિહાસમાં એક જ ડબલ્યુટીએ ચેમ્પિયનશિપમાં ત્રણ ગ્રાન્ડસ્લેમ ખેલાડીઓને હરાવનારી પહેલી કેનેડિયન ખેલાડી બની છે.

માત્ર 18 વર્ષની એમ્બોકોએ ઓસાકા સામે પહેલો સેટ ગુમાવ્યા બાદ શાનદાર વાપસી કરીને ચાર વખતની ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયનને 2-6, 6-4, 6-1થી હરાવીને પોતાનું પહેલું ડબલ્યુટીએ ટૂર ટાઇટલ જીત્યું હતું. આ જીતની સાથે જ હવે તે વર્લ્ડ રેન્કિંગમાં 85મા સ્થાનેથી 25મા સ્થાને પહોંચી જશે.

વિક્ટોરિયા ઓપન યુગમાં આ ટાઇટલ જીતનાર ત્રીજી કેનેડિયન ખેલાડી બની છે. તેના પહેલા, 1969માં ફ્રેચ અર્બન અને 2019 માં બિઆન્કા એન્ડ્રીસ્કુએ આ સિદ્ધિ મેળવી હતી.

આ ટુર્નામેન્ટમાં વાઇલ્ડ કાર્ડ દ્વારા એન્ટ્રી મેળવનાર વિક્ટોરિયાને સમગ્ર મેચ દરમિયાન દર્શકોનો ઘણો ટેકો મળ્યો હતો. મેચ પોઇન્ટ પર ઓસાકાએ નેટમાં શોટ મારતાની સાથે જ વિક્ટોરિયા ઘૂંટણિયે બેસી ગઈ અને દર્શકો ખુશીથી નાચવા લાગ્યા હતા. 2011માં સિનસિનાટીમાં મારિયા શારાપોવા અને 2019માં ઇન્ડિયન વેલ્સમાં એન્ડ્રીસ્કુ પછી, વિક્ટોરિયા ડબલ્યુટીએ 1000 ટાઇટલ જીતનાર ત્રીજી વાઇલ્ડ કાર્ડ હોલ્ડર બની છે.

ઈંગ્લેન્ડ-ભારત સીરિઝ માટે ICC પિચ રેટિંગ જાહેર : માત્ર લીડ્સને સારું રેટિંગ મળ્યું

ICC દ્વારા ચારમાંથી ત્રણ પિચને સંતોષકારક ગણાવી જ્યારે લીડ્સને સારી પીચનું રેટિંગ મળ્યું

દુબઇ, તા. 08 : એન્ડરસન-તેંડુલકર ટ્રોફીની પ્રથમ ચાર મેચોમાં ઉપયોગમાં લેવાયેલી ત્રણ પિચો ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) તરફથી ટોચનું રેટિંગ મેળવવામાં નિષ્ફળ રહી છે. હેડિંગ્લીની લીડ્સ પીચને બાદ કરતાં, અન્ય કોઈ પણ પિચ વૈશ્વિક ગવર્નિંગ બોડી તરફથી સૌથી વધુ ખૂબ જ સારી હોવાનું રેટિંગ મેળવવામાં સફળ રહી નથી.

ઈંગ્લેન્ડ અને ભારત વચ્ચેની પાંચ ટેસ્ટ મેચની સીરિઝ દરમિયાન ઈંગ્લેન્ડમાં બેટિંગ-મૈત્રીપૂર્ણ પિચો ચર્ચાનો વિષય બની હતી. ભારતે 1-2 થી પાછળ રહીને સીરિઝ બરાબર કરીને ઈંગ્લેન્ડને ઘરઆંગણે સીરિઝ જીતવાથી વંચિત રાખ્યું હતું. નોંધપાત્ર રીતે, પાંચેય ટેસ્ટ મેચ અંતિમ દિવસ સુધી ગઈ હતી, જેમાં ફક્ત એક જ મેચ નું પરિણામ આવ્યું નહોતું. અને તે ટેસ્ટ માન્ચેસ્ટરમાં રમાયેલી ચોથી ટેસ્ટ હતી, જે ભારતે લગભગ બે દિવસ સુધી બેટિંગ કર્યા પછી ડ્રો રહી હતી.

એ ઉલ્લેખનીય છે કે આ હાઇ-પ્રોફાઇલ સીરિઝ માટેની પીચો 2023ની એશિઝ દરમિયાન ઉપયોગમાં લેવાતી પીચ કરતાં વધુ સારી રહી હતી. એશિઝ 2023માં પાંચમાંથી કોઈ પણ પિચને 'ખૂબ સારી' રેટિંગ મળ્યું ન હતું. હકીકતમાં, તેમાંથી બે એજબેસ્ટન અને લોર્ડ્સને ફક્ત 'સરેરાશ' રેટિંગ આપવામાં આવ્યું હતું. તેનાથી વિપરીત, બોર્ડર-ગાવસ્કર ટ્રોફી માટે ઉપયોગમાં લેવાતી પાંચમાંથી ચાર પિચોને 'ખૂબ સારી'નું સૌથી વધુ રેટિંગ મળ્યું હતું.

એન્ડરસન-તેંદુલકર સીરિઝમાં કઈ પિચને શું રેટિંગ મળ્યું ?

ટેસ્ટ	સ્થળ	પીચ રેટિંગ
પહેલી ટેસ્ટ	હેડિંગ્લી	ખૂબ સારી
બીજી ટેસ્ટ	એજબેસ્ટન	સંતોષકારક
ત્રીજી ટેસ્ટ	લોર્ડ્સ	સંતોષકારક
ચોથી ટેસ્ટ	ઓલ્ડ ટ્રેફોર્ડ	સંતોષકારક
ચોથી ટેસ્ટ	ઓવલ,	સંતોષકારક

-: જાહેર હરાજી :-

આથી રસ ધરાવતા જાહેર ઇસમોને જણાવવામાં આવે છે કે, કાકડકુવા ગામમાં ડુંગરપાડા ફળીયામાં જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત કાકડકુવા ડુંગરપાડા પ્રા.શા. આવેલી છે. તે શાળામાં એડીશનલ જર્જરિત ઓરડો તોડવાની હરાજી કરવા બાબત.

હરાજીમાં ભાગ લેવા માટે હરાજી શરૂ થતાં પહેલા રૂ.૧૦૦૦ (અંકે રૂપિયા એક હજાર) ડીપોઝીટ પેટે (રિફંડેબલ) રકમ ભરવાની રહેશે. તે સિવાય હરાજીમાં ભાગ લઈ શકાશે નહિ. હરાજીની તમામ શરતો હરાજી પહેલા વાંચી સંભળાવવામાં આવશે. જે તમામને બંધન કરતા રહેશે.

હરાજીમાં મહતમ બોલી બોલનારને કાટમાળ ખરીદવા હકદાર ગણાશે. તેઓએ કરેલ બોલીની ૨૫% રકમ તાત્કાલિક સ્થળ પર ભરવાની રહેશે. બાકીની રકમ શરતો પ્રમાણે ભરવાની રહેશે. અન્યથા ડીપોઝીટની રકમ જપ્ત કરવા પાત્ર થશે.

હરાજીનું સ્થળ:- કાકડકુવા ડુંગરપાડા પ્રા.શા.
હરાજીની તા.૧૯/૦૮/૨૦૨૫ મંગળવાર
સમય:- ૧૧:૦૦ કલાકે સવારે
ન. માહિતી/વલસાડ/૩૯૫/૨૦૨૫

આચાર્યશ્રી,
કાકડકુવા ડુંગરપાડા પ્રા. શાળા
તા. ધરમપુર, જિ. વલસાડ.

ટોરોન્ટોમાં ખચાનોવને હરાવીને શેલ્ટન ચેમ્પિયન

શેલ્ટન 2003માં ચેમ્પિયન બનેલા એન્ડી રોડિક પછી માસ્ટર્સ 1000 હાર્ડ-કોર્ટ ઇવેન્ટ જીતનાર પ્રથમ અમેરિકન બન્યો

ટોરોન્ટો, તા. 08 (એપી) : અમેરિકન બેન શેલ્ટને પોતાનું પ્રભાવશાળી ફોર્મ ચાલુ રાખીને નેશનલ બેંક ઓપન ટેનિસ ટુર્નામેન્ટની ફાઈનલમાં કરેન ખચાનોવને હરાવીને પોતાની કેરિયરનું ત્રીજું અને સૌથી મોટું ટાઇટલ જીત્યું હતું. શેલ્ટને મેચ દરમિયાન ફટકારેલી 16 એશિસમાંથી ત્રીજા સેટમાં જ સાત એશિસ ફટકારી હતી અને પોતાની સર્વિસમાં સતત 14 પોઈન્ટ જીતીને મેચનો અંત કર્યો હતો.

તેણે ફાઈનલમાં 11મા ક્રમાંકિત રશિયન ખેલાડી કરેન ખાચાનોવને 6-7, 6-4, 7-6થી હરાવ્યો હતો. ચોથા ક્રમાંકિત 22 વર્ષીય શેલ્ટન 2003માં ટાઇટલ જીતનારા એન્ડી રોડિક પછી માસ્ટર્સ 1000 હાર્ડ-કોર્ટ ઈવેન્ટ જીતનાર પ્રથમ અમેરિકન બન્યો હતો. શેલ્ટન 2023માં ટોક્યોમાં હાર્ડ કોર્ટ પર અને ગયા વર્ષે હ્યુસ્ટનમાં ક્લે કોર્ટ પર પણ જીત્યો હતો. આ જીતની સાથે હવે શેલ્ટન વર્લ્ડ રેન્કિંગમાં પોતાની કેરિયરના શ્રેષ્ઠ ક્રમ છઠ્ઠા સ્થાને પહોંચી જશે.

અંગદ ચીમાએ સતત બીજી વખત ઈન્ડિયા ઓપનનો ખિતાબ જીત્યો

નવી દિલ્હી, તા. 08 : ચંદીગઢના અંગદ ચીમાએ સતત બીજી વખત ઈન્ડિયા ઓપન ગોલ્ફ ટુર્નામેન્ટ જીતી હતી. આ ટાઈટલ સાથે, તેને એક કરોડ રૂપિયાનું ઈનામ પણ મળ્યું હતું. અંગદે ચોથા રાઉન્ડમાં બે અંડર 70નો સ્કોર કર્યો અને તેનો કુલ સ્કોર 13 અંડર 275 હતો. આ ચીમાનો પીજીટીઆઈપર ચોથો વિજય અને આ સિઝનનો બીજો વિજય છે. તે પીજીટીઆઈ ઓર્ડર ઓફ મેરિટમાં દસમા સ્થાનેથી બીજા સ્થાને પહોંચી ગયો છે. નોઈડાનો અમરદીપ મલિક બીજા સ્થાને રહ્યો જ્યારે દિલ્હીનો શૌર્ય ભટ્ટાચાર્ય અને પુણેનો ઉદયન માને સંયુક્ત ત્રીજા સ્થાને રહ્યો હતો.

સુડોકુ

	૩				૬	૮		
૫						૧		૯
૯	૮	૬		૧	૨	૭	૪	૩
		૮				૨		
૬	૨		૭	૫			૩	
		૩		૬	૮	૫		
૩	૭			૮	૧			
	૬			૭		૪		
	૧		૬	૨		૩	૯	૭

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૭	૩	૬	૫	૮	૯	૨	૧	૪
૬	૨	૪	૩	૭	૧	૮	૫	૯
૮	૫	૧	૬	૯	૪	૩	૭	૨
૪	૬	૮	૨	૩	૭	૧	૯	૫
૩	૭	૨	૧	૫	૮	૬	૪	૯
૯	૧	૫	૪	૬	૨	૭	૩	૮
૨	૪	૭	૮	૧	૩	૯	૬	૫
૧	૮	૩	૭	૨	૫	૪	૯	૬
૫	૯	૬	૯	૪	૬	૫	૮	૭

સુડોકુ-૨૭૨૬ ફ્રીડર્સ

આજનું પંચાંગ

તા. 09/08/2025, શનિવાર

વિક્રમ સંવત : 2081 **શાકે :** 1947
વીર સંવત : 2551 **માસ :** શ્રાવણ
તિથિ: સુદ: પૂનમ: 13:26, અશ્વત્થ મારુતિ પૂજન
અયન : દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
રાષ્ટ્રિય દિનાંક : શ્રાવણ: 18 **યોગ :** સૌભાગ્ય
કરણ: બાવલ **નક્ષત્ર :** શ્રવણ:- 14:24
રાશિ: મકર (ખ,જ) 26:12 પછી કુંભ (ગ,સ,શ,ષ)
દિવસ : સામાન્ય-રક્ષાબંધન- શ્રાવણી પૂનમ, અમરનાથ યાત્રા,
સુરતમાં સૂર્યોદય : 06:16 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:11
નવકારસી : 07:04
પારસી વર્ષ : 1394, સ્પેન્દારમદ માસનો 30મો રોજ
મુસલમાન વર્ષ : 1447, સફર માસનો 14મો રોજ
દિવસનાં ચોઘડિયાં: કાળ, શુભ, રોગ, ઉદ્વેગ ચલ, લાભ, અમૃત, કાળ,
રાત્રિનાં ચોઘડિયાં: લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત ચલ, રોગ, કાળ, લાભ,
રાહુ કાળ : સવારે : 09:30 થી 11:00 સુધી

મેષ (અ,લ,ઇ,): શુભ સમાચાર મળે. નોકરીમાં પ્રભાવ વધે. ઉપરી વર્ગનો સાથ મળે. ધંધામાં આવક વધે.

વૃષભ (બ,વ,ઉ,): તમારી મહેનતમાં કુટુંબમાં સાથનો લાભ મળે.વિદેશના કામમાં પ્રગતિ થાય. ઉચ્ચ શિક્ષણમાં તક મળે.

મિથુન (ક,છ,ઘ,): ગુસ્સા પર કાબૂ રાખવો. કામની વ્યસ્તતા અશાંતિ વધારે. અચાનક સફળતાથી ખુશી મળે.

કર્ક (ડ,હ,): આરામ કરવાનું મન થાય. નોકરીની યોજનામાં પ્રગતિ થાય. ઘરના કામમાં પ્રગતિ થાય.

સિંહ (મ,ટ,): કામમાં મદદ મળે. નવા વિચારો નવી નોકરીની તક ઊભી કરશે. આરોગ્યનું ધ્યાન રાખવું.

કન્યા (પ,ઠ,ણ,): હળવાશનો અનુભવ થાય. ઈચ્છિત મુલાકાતથી શાંતિ મળે. રોકાણના પરિણામો લાભદાયક રહે.

તુલા (ર,ત,): અધૂરા કામમાં મિત્રો સ્વજનોની મદદ મળે. વડીલોની ચિંતા સતાવે. વારસાના કામમાં પ્રગતિ.

વૃશ્ચિક (ન,ય,): મહત્ત્વના કામમાં સહકર્મી મિત્રો વગેરેની મદદ મળે. વિદ્યાર્થીઓને અપેક્ષત પરિણામ મળે.

ધન (ભ,ધ,ફ,ઢ,): કૌટુંબિક અને સામાજિક સમસ્યાનું સમાધાન થાય. કામકાજ તથા આવક માટે નવા વિકલ્પો ઊભા થાય.

મકર (ખ,જ,): નવા વિચારોથી પ્રભાવ વધે. નોકરીમાં પ્રમોશન મળે. આવક વધારવાની તક ઊભી થાય.

કુંભ (ગ,સ,શ,ષ,): આરોગ્ય બાબતે ચોક્કસ બનશો. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળે.

મીન (દ,ચ,ઝ,થ,): નોકરી માટેના ઈન્ટરવ્યુમાં સફળતા મળે. સમાજમાં યશ મળે. નવા ફેરફારથી રાહત થાય.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

કોઇ પણ સાલમાં 09 ઓગસ્ટે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ચડતી-પડતી તથા સંઘર્ષ વધારનાર રહેશે. નોકરીમાં નવી તકની સાથે ફેરફાર, જવાબદારી અને બોજ વધશે. ધંધા-વ્યવસાયમાં ચડતી-પડતી અને સરકારી નીતિ વગેરેથી સંઘર્ષ રહે. સમાજમાં હરીફો વધે. કુટુંબ પરિવાર માટે સમય કાઢવો પડશે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિઘ્નો આવે. નોકરી-ધંધા-વ્યવસાયમાં ટેકનોલોજીથી રાહત રહે. આવક વધારવામાં હરીફોનો સામનો કરવો પડે. ઉમરલાયકના વિવાહ થાય. પ્રેમ વિવાહમાં વિઘ્નો આવે. વિદ્યાર્થીઓને અશાંતિમાંથી પસાર થવું પડે. વિદેશનાં કામ ધીમાં પડશે. યાત્રા-પ્રવાસમાં વિઘ્નો આવે. નવા ઘર, વાહન મકાન તથા જાયદાદ, મિલકત, જમીન, વારસા જેવા કામમાં કાયદાકીય પ્રશ્નો સાથે પાર પડશે. સંતાનોના કામમાં મદદ મળે. ધર્મ-કર્મથી શાંતિ મળે. માર્ચ-એપ્રિલ તથા ઓક્ટોબર-નવેમ્બરમાં ભાગ્યનો સાથ મળે. ડિસેમ્બર જાન્યુઆરીમાં કામનો બોજ વધશે.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

ત્રિદોષજ્વર

શરીરનાં ત્રણે દોષ કુપિત થયા હોય તો ભોંય રીંગણી, તાજી હોય તો 30 ગ્રામ અને સૂકું ચૂર્ણ હોય તો પાંચ ગ્રામ લઇ તેમાં 150 મીલી પાણી ભેળવી ઉકાળો. આશરે 50 મીલી બાકી રહે ત્યારે ગાળી, ચારથી છ એલારગોન ગોળી સાથે લો.

તરસાડી નગરપાલિકા-તરસાડી, જી. સુરત

તરસાડી નગરપાલિકા દ્વારા નીચે જણાવેલ કામો માટે રસ ધરાવતા ઈજારદારશ્રીઓ તરફથી ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. ટેન્ડર દસ્તાવેજો વેબ સાઈટ https://tender.nprocure.com/ ઉપર તા.૧૩/૦૮/૨૦૨૫ થી તા.૨૭/૦૮/૨૦૨૫ સુધી ૧૮.૦૦ કલાક સુધી જોવા મળી શકશે. ટેન્ડર ડાઉનલોડ કરવાની છેલ્લી તા.૨૭/૦૮/૨૦૨૫ સુધી ૧૮.૦૦ કલાક સુધીની રહેશે. ટેન્ડરો માટેની ઈ.એ.ડી., ટેન્ડર ફી તથા જરૂરી સાહિત્યક કાગળો તા.૦૩/૦૯/૨૦૨૫ સુધીમાં તરસાડી નગરપાલિકા કચેરીએ સ્પીડપોસ્ટ અથવા રજીસ્ટર એ.ડી. થી મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. ટેન્ડરો મંજુર કે નામંજૂર કરવાની સતા નગરપાલિકા ની રહેશે.

અ.નં.	કામનું નામ	૧.અંદાજીત રકમ ૨.સરકારમાન્ય શ્રેણી	૩.ટેન્ડર ફી ૪.ડીપોઝીટ
૧.	સને વર્ષ ૨૦૨૪-૨૫ M.L.A ગ્રાન્ટ હેઠળ તરસાડી નગરપાલિકામાં જુદા જુદા વિસ્તારમાં પેવર બ્લોક, સી. સી. રોડ અને શેડ બનાવવાનું કામ.	૧) રૂ.૧૯,૩.૬,૧૭૧/- ૨) ઈ-૧ ક્લાસ અને ઉપર	૩) રૂ. ૬૦૦/- ૪) રૂ.૧૯,૩૬૦/-
૨.	સને વર્ષ ૨૦૨૪-૨૫ M.L.A ગ્રાન્ટ હેઠળ તરસાડી નગરપાલિકામાં વિવિધ વિસ્તારોમાં બાંકડા મૂકવાનું કામ.	૧) રૂ.૪,૪૯,૪૫૦/-